# મારી કારકિર્દી નક્કી થાય છે

વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. કવિતા ઉપર તો હાથ બેસી ગયો હતો. નવલકથાલેખનનો પ્રયોગ પણ જસુભાઈના સહકારથી થઈ ચૂક્યો હતો. સાતમા ધોરણમાં હતો ત્યારે કારકિર્દી વિશે નિર્ણય કરવો મને જરૂરી લાગ્યો.

એક દિવસે મેં ઘેર જાહેરાત કરી, “મારે આગળ ભણવું નથી.”

“કેમ?”

વાત સ્વયં સ્પષ્ટ હતી. હરકોઈને સમજાય એવી હતી. મેં ધીરજ ગુમાવ્યા વગર કહ્યું, “ભણવાની જરૂર નથી માટે.”

બંને ભાઈ સ્ફૂર્તિથી મારી બે બાજુ ગોઠવાઈ ગયા.

“ભણશો નહીં તો કરશો શું?”

જે તે સંજોગોમાં માનાર્થે બહુવચનનો પ્રયોગ એમને જરૂરી લાગ્યો હશે.

“વાર્તાઓ-નવલકથાઓ લખીશ.”

“તારે એ કરવું હોય તો એ કરજે, કોઈએ તારા હાથ બાંધી રાખ્યા નથી, પણ એ માટેય ભણવું તો જોઈએ ને?”

“વાંચવા જેવું બધું અનેક વાર વાંચ્યું છે. લખતાં આવડે છે. હાઈસ્કૂલ કે કૉલેજના શિક્ષકો મને નવું શું શીખવવાના છે? અને કંઈક બે-ચાર વાતો બાકી હશે તે તો લખતાં લહિયો.”

અમરસિંહભાઈ ખૂબ હસ્યા. શિકારકથાઓના લેખકે નાનાને વટલાવ્યો ત્યારે એમને કલ્પના નહીં હોય કે પરિસ્થિતિ આટલી

હદે વણસી જશે. બહુ ઓછાના જીવનમાં આવે તેવો એ મહામૂલો પ્રસંગ હતો. એને એ પૂરેપૂરો માણતા હતા.

ધીમેથી પૂછ્યું, "નોકરી કોણ આપશે?"

"પન્નાલાલ પટેલ નોકરી કરે છે?"

વાર્તામાસિકો લોકપ્રિય લેખકોની ટેવો અને ધૂનો ઉપરાંત તેમના વ્યવસાય વિશે પણ માહિતી આપતાં. કોને કાપડની દુકાન, કોને અનાજ દળવાની ચક્કી અને કોણ બંગડીઓ વેચે તે અમે જાણતા. લેખકોનો એક વર્ગ 'કલમજીવી' તરીકે ઓળખાતો એમાં પન્નાલાલ ઉપરાંત પેટલીકર, પીતાંબર પટેલ અને ગુણવંતરાય આચાર્યનો સમાવેશ થતો.

આમ વાત નાખી, દાણો દબાવી જોયો પણ કંઈ વળ્યું નહીં. પ્રયત્ન કર્યાનો સંતોષ બાળલેખકને થયો. મનોમન વચલો રસ્તો એવો વિચાર્યો કે સ્કૂલે જવાનો અભિનય કરવો, ભણવાના હાવભાવ કરવા, ગણિત તો સાવ ખોટેખોટું જ ભણવું, બાકી આપણે કરતા હોઈએ તે કર્યે રાખવું.

•

હું કલમના ખોળે માથું મૂકવાની તૈયારી કરતો હતો ત્યારે મને વારવા માટે અંધકારનાં તત્ત્વોએ તેમના એક પ્રતિનિધિને મોકલ્યો. મંગળભાઈ નામના શિક્ષકનું રૂપ લઈ એ મારી પાસે આવ્યો. બદલી થઈને એ તાજા અમારી નિશાળમાં આવ્યા હતા. એક દિવસે એ મને બજાર વચ્ચે મળ્યા અને ઊભો રાખ્યો. સ્થળ બધી રીતે બંધબેસતું હતું – લાઇબ્રેરી આગળનો ચોક. ખાદીના સ્વચ્છ કડક ધોતિયાનો છેડો છટાથી એક હાથમાં પકડી રાખ્યો હતો. બીજામાં પેટલીકરની તાજી પ્રગટ થયેલી દળદાર નવલકથા હતી. તેમણે મને ભણાવ્યો નહોતો પણ બહારની વિશાળ દુનિયામાંથી આવ્યા હતા અને કડવો શિક્ષકધર્મ બજાવવા તત્પર હતા.

મને ઉપરથી નીચે સુધી તપાસતાં એમણે કહ્યું, "તમે સાહિત્યકાર થવાના છો એમ મેં સાંભળ્યું છે."

એટલા મોટા શબ્દ સામે મને સહેજ પણ વાંધો નહોતો. છાતી વધુ પડતી ફુલાઈ ન જાય તેનું ધ્યાન રાખતાં મેં કહ્યું, "હા જી."

"શું લખશો?"

"વાર્તાઓ, નવલકથાઓ.'

"પણ લખવા જેવું તો બધું લખાઈ ગયું છે."

એમણે ખૂબ ધીરજથી દાખલા-દલીલો સાથે વિચાર-વિસ્તાર કર્યો. ઐતિહાસિક નવલકથાઓ મુનશી અને ધૂમકેતુએ લખી નાખી કે નહીં? એવું જ રમણલાલના હાથે શહેરી જીવન અને પ્રણયના રંગોનું થયું. ગ્રામજીવન પન્નાલાલ, પેટલીકર અને પીતાંબર એ ત્રણ ભૂમિપુત્રોએ ખેડી નાખ્યું. દરિયાઈ સાહસોમાં ગુણવંતરાય આચાર્યએ ઝુકાવ્યું અને મેઘાણી શૌર્યકથાઓમાં ઝૂઝ્યા. હવે, નવા લખનાર માટે બચ્યું શું?

"તો સાહેબ, હું દક્ષિણ ધ્રુવ વિશે લખું? આપની રજા હોય તો મંગળના ગ્રહ ઉપર ચઢાઈ કરું?" – એવા અળવીતરા પ્રશ્નો કર્યા વગર હું મૂંગો રહ્યો. અદ્‌ભુત પ્રશ્નોની સામે તદ્દન સાચા જવાબો પણ ટકી શકતા નથી.

•

મંગળભાઈ વ્યક્તિ નહીં, એક આખી વિચારસરણી હતા. એ પછી પણ જુદાંજુદાં નામે, વિવિધ વસ્ત્રોમાં, ક્યારેક સાડીમાં પણ, એ મને મળ્યા છે.

મારા મિત્ર વિનોદ રાવળના પિતાશ્રી ગિરિજાશંકર ગામડાના જૂની પેઢીના બ્રાહ્મણોની એક વાત કહેતા.

બે પટેલ આવ્યા. ગોરબાપાની સામે પાયલાગણ કરીને બેઠા. "આવો પટેલ, કેમ આવવું થયું?"

"ગોરબાપા, દીકરીને ઓણની સાલ પરણાવવી છે. રૂપાળું, સરસ, વૈશાખ સુદ અગિયારશનું મૂરત કાઢી આપો."

ગોરબાપાના મોંમાંથી સિસકારો નીકળી ગયો. એમણે લમણે હતાશાનો હાથ મૂકી દીધો, "હત્તારી!"

"એવું ચ્યમ બોલ્યા?"

"તમે થો...ડા મોડા પડ્યા. વૈશાખ સુદ અગિયારશનાં ત્રણ મૂરત હતાં. એક બનેશંગ દરબાર લઈ ગયા, બીજું શંકરલાલ મુખીને આપ્યું અને ત્રીજું સોમચંદ મોદી – એ તો હમણાં જ, તમને સામા ના મળ્યા?"

"એ જે હોય તે. કાંક રસ્તો કાઢવો પડશે."

"તમે આવ્યા છો તો કાંઈ છૂટકો છે? આ તો શું કે થોડો વિધિ કરવો પડશે."

તે વખતે હું આ વાર્તા જાણતો નહોતો. જાણતો હોત તો મંગળભાઈને કહેત – ચિંતા ન કરો, સાહેબ. હું નવાં મૂરત કઢાવીશ. ઘોડે ચડવું છે એ નક્કી.

•

અંધારામાં લપાતા આવીને ચાર-પાંચ આકાર આંગણાના છેડે બેસી જાય છે. ચહેરા દેખાતા નથી. દૂબળી કાયાઓ ઉપર ફાટેલાં વસ્ત્રો છે.

લેખક પૂછે છે, "કોણ એ –?"

"એ તો અમે વેદનાઓ."

"ઓ હો, તમે મારે આંગણે?"

એ સંકોચાઈને ખૂણામાં પેસે છે, "પગ ઊપડતો નહોતો.'

"એવું કેમ લાગ્યું? તમે જુઓ છો ને કે આપણા ઘરને દરવાજા જ નથી."

"રસ્તામાં એક જ્ઞાની મળ્યા હતા. એ કહે કે અમે બધી તો લખાઈ ગઈઓ છીએ."

"એની ચિંતા ન કરો. આપ સહુ આ તરફ ચાલ્યાં આવો બેધડક."